- અભ્યાસમાં રસ ન હોવો. આત્મવિશ્વાસની કમી વારંવાર નિષ્ફળતા અનુભવી

**૨ ઘરેલુ અથવા સામાજિક કારણવાળા વિદ્યાર્થી :**

- પારિવારિક મુશ્કેલી, માતા પિતાની ઉદાસીનતા, અભ્યાસમાં અનુકૂળ વાતાવરણમાં ન હોવું

**૩. શૈક્ષણિક કારણ દ્વારા વિદ્યાર્થી :**

- શિક્ષણ પદ્ધતિ સમાજમાં અસમતા અઘરું પાઠ્યપુસ્તક.

❖ **પરિણામો :** સંશોધનથી વિદ્યાર્થીઓમાં ઉપાયો અને સૂચનથી લેખનકાર્યને રસપ્રદ બન્યું. જેમાં વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શનની જરૂર પડી.

❖ **તારણો :** વિશ્લેષણના આધારે નબળા વિદ્યાર્થીઓ નોટબુક લખવામાં આળસ કરે છે. કારણકે તેમને અભ્યાસ પ્રત્યે રસ ઓછો હોય છે. આત્મવિશ્વાસની અછત હોય છે અથવા યોગ્ય માર્ગદર્શન ન મળે.

❖ **અવલોકન :** નોટબુક ચકાસણી દરમ્યાન વિદ્યાર્થીઓમાં નીચે પ્રમાણે જાણવા મળ્યા.
નોટબુક સ્વચ્છ અક્ષરે લખેલી હતી. તમામ પાઠ્યક્રમ મુજબના પ્રકરણો સંપૂર્ણ રીતે લખેલા હતા. લેખન વ્યવસ્થિત અને સુગઠિત હતી. નોટબુકમાં લખાણ ખૂબ ઓછું હતું. મોટે ભાગે ચિત્રો અથવા ખાલી પાના હતા. કોઈપણ પ્રકરણ પૂર્ણ રીતે લખાયેલું જોવા મળ્યું નથી.

---



# વિષય : કમ્પ્યૂટર વિષયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ થીયરીમાં રસ ઓછો હોય છે તે અંગેનો અભ્યાસ

**મયુરીકા કે.પટેલ**
(મ.શિ. મા.વિભાગ)

**પ્રસ્તાવના :** આજના આધુનિક યુગમાંકમ્પ્યૂટર માનવ જીવનનો અભિન્ન અંગ બની ગયો છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ કમ્પ્યૂટરનું મહત્વ દિવસેને દિવસે વધી રહયું છે. આજના વિદ્યાર્થી માટે કમ્પ્યૂટરનું જ્ઞાન માત્ર એક વિષય પૂરતું નથી,પરંતુ ભવિષ્યના વ્યવસાય અને જીવનમાં જરૂરી કુશળતા તરીકે માનવામાં આવે છે.કમ્પ્યૂટર શિક્ષણમાં મુખ્યત્વે બે ભાગો હોય છે - પ્રેકટિકલ અને થિયરી પ્રેકટિકલમાં વિદ્યાર્થીઓને સીધો કમ્પ્યૂટર પર કાર્ય કરવાની તક મળે છે. તેઓ પ્રોગ્રામ ચલાવે છે. સોફટવેરનો ઉપયોગ કરે છે,પ્રોજેકટ બનાવે છે અને તરત જ તેના પરિણામો જોઇ શકે છે. આ જીવંત અનુભવને કારણે વિદ્યાર્થીઓને પ્રેકટિકલમાં વધુ રસ પડે છે અને તેઓ આનંદપૂર્વક શીખે છે. બીજી બાજુ થિયરીમાં વ્યાખ્યાઓ,સિદ્ધાંતો,નિયમો,ઇતિહાસ અને પરિભાષાઓ આવતી હોવાથી વિદ્યાર્થીઓને તે થોડી કંટાળાજનક લાગે છે.ઘણી વખત તેઓ માને છે કે થિયરી માત્ર યાદ કરવાનું કામ છે,જયારે પ્રેકિટકલમાં ખરેખર શીખવાનું મળે છે. પરંતુ હકીકતમાં થિયરી જ પ્રેકટિકલનો આધારસ્તંભ છે. યોગ્ય થિયરીની સમજ વિના પ્રેકિટકલ કાર્ય અધૂરું છે.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** મારો જે સંશોધનનો વિષય છે “કમ્પ્યૂટર વિષયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ થીયરીમાં રસ ઓછો તે અંગેનો અભ્યાસ”વર્તમાન સમયમાં શિક્ષણ પધ્ધતિ બદલાઇ છે અને વિદ્યાર્થીઓ પણ કંઇક નવા જનરેશનના છે જેમની પાસે શીખવા માટે અનેક માધ્યમો છે માધ્યમોની વાત કરું તો મોબાઇલ,ટી.વી જેવા ઉપકરણોની આસપાસ રહીને આજનો વિદ્યાર્થી જયારે શાળાના વર્ગખંડમાં આવે છે ત્યારે એની સામે જે શિક્ષક આવી ને ઉભા રહે છે એ શિક્ષક વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ભણાવે છે એ સમયે વિદ્યાર્થીઓની રસ રૂચિ, માનસિક સ્થિતિ, સ્વભાવ અને તરુણાવસ્થાની અવસ્થામાંથી પસાર થઇ રહ્યો છે આથી એ વર્ગના અધ્યયન પર ધ્યાન આપવાને બદલે અન્ય શિક્ષણ વિરોધી પ્રવૃતિ પર ધ્યાન કેન્દ્રીત કરી શિક્ષક માટે મુશ્કેલીઓ ઉભી કરી છે.

❖ **વિષયની પસંદગી શા માટે કરી? :** વિદ્યાર્થીઓ થીયરીમાં રસ લેતા નથી જે કારણથી વિદ્યાર્થીઓના થીયરીમાં માર્કસ ઓછા આવે છે. જેના કારણે વિદ્યાર્થીઓના પરીણામ પર અસર પડે છે. અને વિદ્યાર્થીઓ પ્રેકિટકલનો પિરીયડ હોય ત્યારે શાળામાં હાજર રહે છે અને થીયરીનો પિરીયડ હોય ત્યારે ગેરહાજર રહે છે. આ કારણોસર આ વિષયની પસંદગી કરી.

❖ **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા છે?**

**૧. માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ** : આ વયે કમ્પ્યૂટર વિષય ફરજિયાત હોવો જોઇએ. તેઓ પ્રેકિટકલ અને થીયરી અને બંનેનો અનુભવ કરે છે.

**૨. ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ:** ખાસ કરીને IT / Computer Science, Computer Application, BCA જે કોર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ માટે આ વિષય જરૂરી છે. તેઓ આ વિષયમાં પ્રેકિટકલને વધુ મહત્વ આપે છે તેથી રિસર્ચ માટે ઉતમ નમૂનો બની શકે છે.